# શબ્દ અને શસ્ત્ર

જીવનપ્રવાહને કદી રોકી શકાય કેમ!
જ્યાં જ્યાં ગયો પ્રવાહ ત્યાં નૌકા તરી હતી.

શીર્ષક પ્રમાણે જીવનસફરમાં શબ્દ અને શસ્ત્રનો સરખી રીતે પનારો પડ્યો છે. એક બાજુ શબ્દની તાલીમ મેળવતો ગયો તો બીજી બાજુ શસ્ત્રની પણ તાલીમ મેળવી. સૌપ્રથમ હું સૈનિક થયો અને આજે પ્રથમ ગઝલસંગ્રહ વિશે લખી રહ્યો છું ત્યારે એમ કહી શકાય કે શાયર થયો. મને યાદ છે હું આઠમા ધોરણમાં ભણતો હતો ત્યારે બાપુ વિશે મારાથી કંઈક લખાયેલું અને ત્યાર બાદ બારમા ધોરણ સુધી રદીફ-કાફિયા મેળવીને જોડકણાં જોડતો ગયો. આઠમા ધોરણમાં ભણતો હતો ત્યારે જ સૈનિક બનવાનું નક્કી કરેલું. સવારે વહેલા ઊઠીને દોડવા જવાનું, કસરત કરવાની આ ક્રમ અને શિસ્તના કારણે ૨૬ સપ્ટેમ્બર, ૨૦૦૪ના રોજ સેનામાં જોડાયો. એક સૈનિક તાલીમ માટે નાસિક ગયો અને મારો શાયર પાછળ રહી ગયો. આ અરસામાં છેક ૨૦૧૧ સુધી મારો શાયર ગૂંચવાતો રહ્યો, અંદરોઅંદર અટવાતો રહ્યો. મને ખબર પડી કે મારામાં કલા તો છે, પણ કસબ નથી. એક સૈનિકને હજારો સૈનિકોનો સાથ-સહકાર મળ્યો, પણ મારી અંદરનો શાયર બિચારો વિડંબનાઓથી વીંટળાઈને એક ખૂણામાં મૂંઝાતો રહ્યો, એકલો પડી ગયો. એક બાજુ સૈન્યની કામગીરીમાં વ્યસ્ત હતો તો બીજી બાજુ શાયરીને પામવાની લગન પણ ખૂબ લાગી હતી. એક સૈનિકના માહોલમાં રહીને મારા શાયરને જીવતો રાખવો એ લોઢાના ચણા ચાવવા બરાબર હતું. તેમ છતાં કહી શકું કે,

લોઢાના ચણા ચાવવા જેવી જ છે હાલત,
ચાવી ગયો છું પાનમાં, એ વાત જુદી છે.

પછી ખરેખર શરૂ થઈ શબ્દયાત્રા. વર્ષ ૨૦૧૧ના સમયગાળા દરમિયાન ગઝલની કૃપાથી ડૉ. રઈશ મનીઆર દ્વારા રચિત 'ગઝલનું છંદોવિધાન' પ્રાપ્ત થયું. ધીમેધીમે શીખતો ગયો અને કુતૂહલ વધતું ગયું. એક સારો વિચાર આવ્યો કે કોઈ પણ ક્ષેત્રમાં સફળ થવા માટે એ ક્ષેત્રના ધુરંધરોના કામકાજને જાણવું પડે, એમની કલાને ઓળખવી પડે તો જ આગળ વધી શકાય. હું જાણતો હતો કે 'મરીઝ' ગુજરાતના 'ગાલિબ' છે, તો 'ઘાયલ' ગુજરાતના ખુદા-એ-સુખન 'મીર તકી મીર' છે. એટલે 'ઘાયલ'ની સમગ્ર ગઝલોનો સંગ્રહ 'આઠો જામ ખુમારી' વસાવ્યો અને એમની ગઝલો વાંચી-વાંચીને છંદ ઓળખતો થયો. આમ કહી શકાય કે મેં મારી ગઝલયાત્રામાં ડૉ. રઈશ મનીઆર અને ઘાયલસાહેબ પાસેથી પ્રેરણા મેળવી છે. આટલી સફર પછી છેક વર્ષ ૨૦૨૧માં છંદબદ્ધ અને ગઝલના નિયમ પ્રમાણે મારાથી પ્રથમ ગઝલની રચના થઈ. એ જ વર્ષમાં એટલે કે હું સેનામાંથી નિવૃત્ત થયો. હવે મારી પાસે ગઝલ સિવાય બીજું કોઈ કામકાજ ન હતું એટલે આપણી ભાષાના લગભગ બધા જ લોકપ્રિય શાયરોને વાંચ્યા; ઉર્દૂ શાયરોમાં મીર, ગાલિબ, જિગર મુરાદાબાદી, દાગ દેહલવી, મોમિન, જૌક, અકબર ઈલાહાબાદી, વસીમ બરેલવી, રાહત ઇંદોરી વગેરે શાયરોને વાંચ્યા.

વર્ષ ૨૦૨૩ના માર્ચ મહિનામાં પહેલી વાર ડૉ. રઈશ મનીઆર સાથે વાત થઈ. એમણે મને 'આપણું આંગણું' દ્વારા ચાલતા ગઝલ ગ્રૂપમાં ઍડ કર્યો. આ ગ્રૂપના મુખ્ય સૂત્રધાર ડૉ. રઈશ મનીઆર, કવિ શ્રી હિતેન આનંદપરા અને કવયિત્રી જયશ્રી વિનુ મર્ચન્ટ છે. ગ્રૂપના સુચારુ સંચાલન માટે ગ્રૂપના ઍડ્મિન કવિમિત્રોનું પણ યોગદાન નોંધપાત્ર છે. આ ગ્રૂપના

કારણે જ હું ગઝલની બારીકાઈથી અવગત થયો અને મારા પ્રથમ ગઝલસંગ્રહ સુધી પહોંચી શકાયું. આ ગ્રૂપના સૌજન્યથી જ મને મુંબઈ (અંધેરી)ના મુશાયરામાં પ્રથમ વખત રજૂઆત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આ ગ્રૂપના સૂત્રધારો, ઍડ્મિન મિત્રો તેમ જ ગ્રૂપના મારા તમામ સહયાત્રી કવિઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ઉપરાંત કવિમિત્રો ભરત વિંઝુડા, ગૌરાંગ ઠાકર, સુનીલ શાહ, ડૉ. ઇન્તેખાબ અન્સારી, ભાવેશ ભટ્ટ, ભાવિન ગોપાણી, અનિલ ચાવડા, આર. બી. રાઠોડ અન્ય તમામ કવિમિત્રોનો તેમજ હસ્તપ્રત જોઈ, જોડણી વિષયક સુધારા સૂચવવા બદલ કવયિત્રી હર્ષવી પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. મારી ગઝલોને પ્રકાશિત કરનારા ‘પરબ’ અને ‘અખંડ આનંદ’ જેવાં સાહિત્યિક સામયિકો તેમજ ફેસબુક પર ગઝલો વાંચીને પ્રતિભાવો આપનારા તમામ મિત્રોનો આભારી છું.

અંતે, આ સંગ્રહની પ્રેમપૂર્વક, સુંદર પ્રસ્તાવના લખી આપનાર મારા ગઝલશિક્ષક એવા કવિ શ્રી રઈશ મનીઆર તથા પ્રિય કવિ શ્રી સુનીલ શાહનો જેટલો આભાર માનું એટલો ઓછો છે. મારી સર્જનપ્રક્રિયા દરમિયાન હું જેમને પૂરતો સમય આપી નથી શક્યો એવા પરિવારજનો બા-બાપુજી, પત્ની દક્ષા, દીકરી સાક્ષી, પુત્ર મંથન તેમજ સ્નેહીજનોનો હૃદયપૂર્વક ઋણ સ્વીકાર કરું છું.

૧૦ માર્ચ, ૨૦૨૬ **– ગેબી લુવારવી**

# અનુક્રમ


- તારા સિવાય કોણ જે દાતાર થઈ ગયો?- - - - - - - - - - - - - - 1
- મળ્યું છે દર્દ અને કાફલાની ઓળખ થઈ- - - - - - - - - - - - - - 2
- હારી ગયા મેદાનમાં, એ વાત જુદી છે - - - - - - - - - - - - - - 3
- બચતની વાત વિચારી શકાય એમ નથી - - - - - - - - - - - - - - 4
- આખરે મહેંકી જશે કાયમી હૈયાનાં ફૂલ- - - - - - - - - - - - - - 5
- એવું નથી કે તું મને કંઈ આપતો નથી - - - - - - - - - - - - - - 6
- આફતોમાં પારખાં થઈ જાય છે- - - - - - - - - - - - - - - - - - 7
- મુકામ મારો છે તારી નજરના રસ્તામાં - - - - - - - - - - - - - - 8
- નથી જમીન માપવી, નથી ગગન અડી જવું - - - - - - - - - - - - 9
- પડતા-આખડતા મુસાફરને ગઝલ કહેવી છે - - - - - - - - - - - 10
- જીવન કિતાબ લઈને ફરે છે બજારમાં- - - - - - - - - - - - - - 11
- કોઈ કમાલ કરો તો જ હાલ પૂછે છે - - - - - - - - - - - - - - 12
- પૃથ્વી ફરે છે એટલે અંધારું થઈ ગયું - - - - - - - - - - - - - - 13
- ગઝલોનો આ સંવાદ મને ખૂબ ગમે છે- - - - - - - - - - - - - - 14
- ખુમારી આંખમાં, મનમાં ખુશાલી રાખે છે - - - - - - - - - - - - 15
- દોટ મૂકી હાંફવામાં ફાયદો હોતો નથી - - - - - - - - - - - - - - 16
- મિલાવટના સમયમાં આપણે થાકી જવાનું છે - - - - - - - - - - 17
- વર્ષનાં વર્ષ વીતી જાય પછી આવે છે - - - - - - - - - - - - - - 18
- મળશે બધું બરાબર, થોડો સમય જવા દે - - - - - - - - - - - - 19
- ચાલનારા ચાલથી રસ્તાને લાંઘી જાય છે- - - - - - - - - - - - - 20
- જિંદગાની એક દરિયો આપણો- - - - - - - - - - - - - - - - - - 20
- સમયની આગ લાગી છે, વધારે આગ લાગી છે- - - - - - - - - 22
- આનંદથી તું આવજે મારી કમાલ પર - - - - - - - - - - - - - - 23
- આંધી ઝૂકી ગઈ છે, તોફાનથી લડ્યો છું - - - - - - - - - - - - - 24

- અંજામ અલગ છે અને તોફાન અલગ છે ------------ 25
- ત્રાંસી નજરનો પ્રેમ મળ્યો છે સમીરનો -------------- 26
- કોઈ ખબર મળે છે પણ બેખબર આવતા નથી -------- 27
- પરવા મનેય ક્યાં છે જો તમને કદર નથી ------------ 28
- જે કર્યું છે એ કામ બોલે છે-------------------- 29
- હવા-પવનમાં ઘણો ફેર હોય છે સાકી-------------- 30
- બે-ચાર પળનું નામ હતું જિંદગી હતી-------------- 31
- યુગના યુગ વીતી ગયા તેમ છતાં આવી નહીં ---------- 32
- ફોટો જ પાડવો હતો ફોટો પડી ગયો --------------- 33
- આગળ થવાની હોડમાં પાછળ તમે આવી ગયા-------- 34
- જીવનમરણની જોડી છે---------------------- 35
- એમ મળીએ કે મિલન આખરી છે---------------- 36
- કોઈના કાફલામાં માણસ છે -------------------- 37
- આંધી, તોફાન, સાગરનું વાતાવરણ ---------------- 38
- વધારે ક્યાં કોઈ ખાટી ગયો છે------------------ 39
- સૂરજ સમાન તેજ હતું પણ અસર ન થઈ----------- 40
- જેટલા કાંટા હતા બાગ બનીને આવ્યા ------------- 41
- માત્ર એક જ હાથ આગળ આવશે---------------- 42
- ખુશહાલ જિંદગીમાં જખમ પણ ભળી ગયો ---------- 43
- જ્યાં હકૂમત છે કોઈ બીજાની ------------------ 44
- ચાહું તો એ જરૂર લાગે છે -------------------- 45
- ત્યારે નવો દિવસ અને ખુશહાલી સમજું છું ---------- 46
- કશ્મીર! તારા બાગનાં ફૂલો કમાલ છે-------------- 47
- કોને રોકાવું હોય છે કાયમ --------------------- 48
- એટલે હારજીતની વાત તમે કરી હશે-------------- 49
- જેટલી લાગે તરસ રસ્તામાં --------------------- 50

- પથ્થર બની ગયા તો ખરેખર બની ગયા - - - - - - - - - - - - 51
- મળે એવા પણ અહીં માનવી, જે અસરને ઓળખી જાય - - 52
- તું આસપાસ રાખજે, હું પારકો નથી - - - - - - - - - - - - - - 53
- દુનિયા આપી રોકડી આપી - - - - - - - - - - - - - - - - - - - - 54
- હકીકત દૂર જીવનથી સદા ગઈ - - - - - - - - - - - - - - - - - 55
- પાડ માનું છું તિમિરનો કે ચમકતો જાઉં છું - - - - - - - - - - 56
- માન હોય? હોય નહીં! - - - - - - - - - - - - - - - - - - - - - - - - 57
- સન્માન પણ થશે, કદી અપમાન પણ થશે - - - - - - - - - - 58
- હું ડૂબી ગયો છું પણ તરતી નાવ રાખું છું - - - - - - - - - - - 59
- આંસુના વરસાદથી એ ભીનું છે - - - - - - - - - - - - - - - - - 60
- ખસી જાય છે દોસ્ત કપરા સમયમાં- - - - - - - - - - - - - - - 61
- ખબર છે એટલી કે સાચી પીવડાવે છે - - - - - - - - - - - - - 62
- રોજ દરબારી કામ આપું છું- - - - - - - - - - - - - - - - - - - - 63
- બોલવા માટે હવે વાચા નથી - - - - - - - - - - - - - - - - - - - 64
- માર્ગમાં ચાલી જવાનું છે હજી- - - - - - - - - - - - - - - - - - - 65
- સહારાથી ગળે આવી ગયો છું - - - - - - - - - - - - - - - - - - 66
- તારી માફક ક્યાં કદી મોઢું મરડતો જાય છે - - - - - - - - - - 67
- કદી કાફલે મળી છે, કદી એકલી મળી છે - - - - - - - - - - - 66
- જિંદગી ચાહતી નથી તો પણ- - - - - - - - - - - - - - - - - - - 69
- કદર કરે એ જુદી જ રીતે, ટકોરથી હોય છે નિરાળા - - - - 70
- આવીને સભાગૃહમાં , ભેગા થયા છે લોકો- - - - - - - - - - - 71
- જીવનચમનમાં સુગંધ લઈને, હવાની સાથે ભળી જવાનું - - - 72
- બીજાને નથી લેવાદેવા, પોતાના લડાઈ કરવાના - - - - - - - - 73
- રસ્તામાં મુસાફર આવે તો રસ્તાને સારું લાગે છે - - - - - - - 74
- દીવાલ હેમખેમ મળે છે મકાનમાં - - - - - - - - - - - - - - - - 75